# પતિનું વર્તન અત્યંત ક્રૂરતા સમાન, કોર્ટે છૂટાછેડા મંજૂર કર્યા

**સુરતની** યુવતીનાં લગ્ન મુંબઈના યુવક સાથે થયાં હતાં, પિતાએ દીકરીનું ઘર બચાવવા 25 લાખ પણ આપ્યા હતા

**બે** કરોડની માંગણી કરી પત્નીને કાઢી મૂકવામાં આવી હતી, અંતે છૂટાછેડાનો કેસ ચાલ્યો હતો

સુરતઃ પત્ની પર થતા શારીરિક અને માનસિક ત્રાસ તેમજ નાણાકીય શોષણને ગંભીર ગણાવીને લગ્નવિચ્છેદની પત્નીની અરજી કોર્ટે મંજૂર કરી હતી.

કેસમાં મુકાયેલા આરોપો એવા હતા કે, સુરતની યુવતીના લગ્ન ૨૦૧૭ના રોજ મુંબઈ ખાતે રહેતા યુવક સાથે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી થયા હતા. લગ્ન બાદ યુવતી મુંબઈ સાસરે ગઈ હતી. પરંતુ લગ્નના બીજા જ દિવસથી સાસરિયાઓ દ્વારા નાની-નાની બાબતોમાં તેને ટોણા મારવાનું અને માનસિક રીતે હેરાન કરવાનું શરૂ કરાયું હતું. કબાટમાંથી તેના કપડાં બહાર ફેંકી દઈ પિયરમાંથી નવો કબાટ લાવવા દબાણ કરાયું હતું, જેમાં પતિએ પણ તેની માતાનો જ સાથ આપ્યો હતો. દહેજની માંગણી થતાં પિતાએ દીકરીનું ઘર બચાવવા માટે રૂ. ૨૫ લાખ આપ્યા હતા. તેમ છતાં પતિની લાલચ ઓછી ન થઈ અને નવો બિઝનેસ શરૂ કરવા માટે વધુ રૂ. ૨ કરોડની માંગણી સાથે પત્નીને ત્રાસ આપવાનુ શરૂ કર્યું હતું.

જ્યારે પત્નીને ગર્ભાશયની તબીબી સમસ્યા ઊભી થઈ, ત્યારે પતિ અને સાસરિયાએ સારવાર કરાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી ધમકી આપી કે જો બાળક જોઈતું હોય તો પહેલાં રૂ. 2 કરોડ નામ પર ટ્રાન્સફર કરો. અંતે ૨ જૂન ૨૦૧૯ ના રોજ પત્નીને માત્ર પહેરેલા કપડે ઘરની બહાર હાંકી કાઢવામાં આવી હતી.

સમાજના મોભીઓ દ્વારા સમાધાનના તમામ પ્રયાસો નિષ્ફળ જતાં અંતે પત્નીએ કોર્ટમાં છૂટાછેડા માટેની અરજી દાખલ કરી હતી. બંને પક્ષકારોની રજુઆત બાદ ફેમિલી કોર્ટે નોંધ્યું હતું કે, પતિ અને સાસરિયાનું વર્તન સામાન્ય ઘરગથ્થુ ઝઘડા જેવું નહોતું, પરંતુ તે પત્ની પ્રત્યેની અત્યંત ક્રૂરતા સમાન હતું. પતિ પત્નીને જીવનનિર્વાહનો ખર્ચ આપવામાં પણ નિષ્ફળ ગયો હતો. પત્ની તરફથી એડવોકેટ પ્રીતિ જીગ્નેશ જોશીએ દલીલો કરી હતી.

## અઢી વર્ષની બાળકી બેડરૂમમાં ફસાઇ ગઈ

સુરતઃ સુરતના પાલનપુર જકાતનાકા વિસ્તારમાં સોમવારે એક અઢી વર્ષની બાળકી રૂમમાં ફસાઇ ગઇ હતી. તેને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવી પડી હતી.

મળતી માહિતી મુજબ પાલનપુર જકાતનાકા સ્થિત કિંગ રેસિડેન્સીના એક ફ્લેટમાં અઢી વર્ષની આર્ની લાલવાની રમતી વખતે રૂમમાં એકલી રહી ગઈ હતી. દરમિયાન દરવાજો લોક થઈ જતાં બાળકી અંદર ફસાઈ ગઈ હતી. પરિવારજનોએ દરવાજો ખોલવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ સફળતા ન મળતાં ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડે તેને હેમખેમ બહાર કાઢી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરના જુદા જુદા વિસ્તારમાં લોકો રૂમમાં અને લિફ્ટમાં ફસાઇ જવાની ઘટના વારંવાર બને છે જેના કારણે ફાયર બ્રિગેડ દોડતું રહે છે.

# પાંડેસરામાં ઘરમાં ઘૂસી ૧૨ વર્ષની બાળકીને ચપ્પુ બતાવી છેડતી

**માતા** ધાબા પર ગઈ ને નરાધમ ઘરમાં ઘૂસી આવ્યો

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં ધોળેદિવસે ઘરમાં એકલી રહેલી ૧૨ વર્ષની માસૂમ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી એક અજાણ્યો વિકૃત નરાધમ ઘરમાં ઘૂસી ગયો હતો. આ હવસખોરે માસૂમ બાળકીને ચપ્પુ બતાવી, જાનથી મારી નાંખવાની ધમકી આપી તેની છેડતી કરી હતી. આટલેથી જ ન અટકતા, નરાધમે બાળકીનો અશ્લીલ વિડીયો પણ ઉતાર્યો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ ઘૃણાસ્પદ ઘટનાને પગલે પાંડેસરા પોલીસે તાત્કાલિક ગુનો નોંધી નરાધમની શોધખોળ શરૂ કરી છે.

પાંડેસરા વિસ્તારમાં રહેતી એક પરિણીતા ગત રવિવારે સવારે આશરે પોણા અગિયાર વાગ્યાના અરસામાં પોતાના ઘરના ધાબા પર કેરીનો રસ સુકવવા માટે ગઈ હતી. આ સમયે ઘરમાં તેમની ૧૨ વર્ષની માસૂમ પુત્રી એકલી જ હતી. આ એકલતાની તાકમાં બેઠેલો એક અજાણ્યો શખ્સ, જેણે સફેદ રંગનું શર્ટ અને ડાર્ક બ્લ્યુ રંગનું પેન્ટ પહેરેલું હતું, તે અચાનક ઘરમાં ઘસી આવ્યો હતો. ઘરમાં ઘૂસેલા આ નરાધમે માસૂમ બાળકીને કંઈ સમજાય તે પહેલાં જ પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ બતાવી દીધું હતું અને બૂમાબૂમ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડરી ગયેલી બાળકી સાથે નરાધમે અશ્લીલ હરકતો કરી છેડતી આચરી હતી. વિકૃતિની હદ વટાવતા આ શખ્સે પોતાના મોબાઈલ ફોનમાં બાળકીનો અશ્લીલ વિડીયો પણ રેકોર્ડ કર્યો હતો અને ત્યાંથી રફૂચક્કર થઇ ગયો હતો. માતા જ્યારે ધાબા પરથી નીચે આવી ત્યારે બાળકીએ રડતા-રડતા પોતાની સાથે બનેલી આપવીતી વર્ણવી હતી. જેને પગલે હેબતાઇ ગયેલા પરિવારજનોએ તાત્કાલિક પાંડેસરા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો.

પોલીસે આ મામલે કડક વલણ અપનાવી અજાણ્યા શખ્સ વિરુદ્ધ અપહરણ, ધમકી અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. સીસીટીવી ફૂટેજ એકત્રિત કરી આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

## પાલમાં સફાઈ કર્મચારી દુકાનમાં ફસાઈ ગયો

સુરત : પાલ વિસ્તારમાં આવેલા નિશાલ આર્કેડ કોમ્પ્લેક્સમાં સફાઈ કામગીરી દરમિયાન એક દુકાનનો દરવાજો અચાનક લોક થઈ ગયો હતો. જેના કારણે 26 વર્ષીય સફાઈકર્મી પ્યુસ સિગ અંદર ફસાઈ ગયો હતો. સ્થાનિક લોકોએ પણ દરવાજો ખોલવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ સફળતા ન મળતાં ફાયર બ્રિગેડની મદદ માંગવામાં આવી હતી. પાલનપુર ફાયર સ્ટેશનના સબ ઓફિસર ભીમરાવ વાનખેડેના માર્ગદર્શન હેઠળ ફાયર જવાનોએ બંને સ્થળે પહોંચી તકેદારીપૂર્વક કામગીરી હાથ ધરી હતી. જરૂરી સાધનોની મદદથી દરવાજા ખોલી અંદર ફસાયેલી બાળકી અને સફાઈ કર્મીને સલામત બહાર કાઢવામાં આવ્યાં હતાં. આ બંને ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા સર્જાઈ ન હતી, જેના કારણે પરિવારજનો અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## વેડ રોડમાં લગ્નના પાંચ મહિનામાં જ પરિણીતાએ ઘર કંકાસમાં આપઘાત કર્યો

સુરતઃ વેડરોડમાં લગ્નના પાંચ મહિનામાં જ પરિણીતાએ ઘર કંકાસમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની મનોજભાઈ શિલ્પકાર હાલમાં વેડરોડ વિસ્તારમાં આવેલા રહેમતનગરમાં પરિવાર સાથે રહે છે અને ભંગારના ગોડાઉનમાં મજૂરી કામ કરે છે. પાંચ મહિના પહેલાં તેના 28 વર્ષીય આશા સાથે લગ્ન કર્યા હતા.

દંપતી વચ્ચે ઘરમાં અવારનવાર કોઈને કોઈ વાતે ઝઘડાઓ થતાં રહેતા હતા. જે ઝગડાઓથી કંટાળીને આશાએ રવિવારે રાત્રે ઘરમાં લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

**લગ્નની ના પાડતા દિલ્હીના ઇન્સ્ટાગ્રામ મિત્રનું પરાક્રમ**

# યુવતીના ન્યૂડ વીડિયો ફરતા કરી દીધા

**ગંદા** વિડીયો, ફોટા મોકલવા ફેક આઈડી

સુરતઃ ઉધના વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીને ઈન્સ્ટાગ્રામ પર દિલ્હીના યુવક સાથે મિત્રતા થઈ હતી. આ દરમિયાન યુવતીની સગાઈ થતાં લગ્ન કરવા માટે દબાણ શરૂ કર્યું હતું. યુવતી લગ્ન કરવાની ના પાડતા દિલ્હીના યુવકે અલગ અલગ ફેક આઈડી બનાવી યુવતીના ન્યૂડ ફોટા તથા વિડીયો સોશિયલ મીડિયા અને સગા સબંધીઓને મોકલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવતીએ પોલીસનો સહારો લીધો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઉધના વિસ્તારમાં જયસ્વાલ પરિવારની ૨૩ વર્ષીય યુવતી પ્રાઈવેટ કંપનીમાં કામ કરે છે. ગત તારીખ ૨૭/૧૧/૨૦૨૫થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન દિલ્હીના અભિષેક નામના યુવકે આ યુવતી સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્ર તરીકે વાતચીત શરૂ કરી હતી. આ દરમિયાન બંને વચ્ચે પ્રેમ સબંધ બંધાયો હતો. જેથી અભિષેક અવારનવાર યુવતીને મળવા સુરત આવતો હતો. આ દરમિયાન યુવતી સાથે અંગત પળોના ફોટો અને વિડીયો પણ લીધા હતા. આ દરમિયાન એક મહિના પહેલાં યુવતીના અન્ય જગ્યા પર સગાઈ નક્કી થઈ હતી. જે વાતની જાણ યુવતીએ અભિષેકને કરી અને હવે પછી સબંધ નહીં રાખવા જણાવ્યું હતું. જેથી આરોપી અભિષેકે યુવતી સામે લગ્ન ન કરવા બાબતે અવારનવાર દબાણ શરૂ કર્યું હતું. જો કે, યુવતીએ લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દેતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે યુવતીને હેરાન કરવાનું શરૂ કર્યું હતું.

લગ્નની ના પાડ્યા બાદ આરોપી અભિષેકે પીડિત યુવતી તેમજ અન્ય લોકોના નામે અલગ-અલગ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યા હતા. આ ફેક આઈડીના માધ્યમથી આરોપીએ યુવતીના સગા-સંબંધીઓને યુવતી વિશે અત્યંત અભદ્ર અને ગંદી ગાળો લખેલી કોમેન્ટ્સ મોકલી હતી. એટલું જ નહીં, આરોપીએ પીડિતાને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આપી હતી.

નરાધમ આરોપી આટલેથી જ ન અટકતા, તેણે યુવતીના ન્યૂડ ફોટો, વીડિયો તેમજ ફિઝીકલ થયા હોવાના ગંદા વિડીયો યુવતીના તમામ સગા-સંબંધીઓ અને મિત્રોને વાયરલ કરી દીધા હતા. આ કૃત્યને કારણે યુવતી ભારે આઘાતમાં સરી પડી હતી અને બદનામીના ડરે તેને આપઘાત કરવા મજબૂર થવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આરોપી દ્વારા સતત અપાતા માનસિક ત્રાસથી કંટાળીને અંતે યુવતીએ ઉધના પોલીસનો સંપર્ક કર્યો હતો. યુવતીએ પોલીસ સમક્ષ આપવીતી જણાવતા પોલીસે આરોપી અભિષેક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# દહેજમાં ફિઝિબિલિટી ન હોવા છતાં 615 કરોડનું ટર્મિનલ બનાવી દીધું

**જવાબદારો** સામે તપાસ અને વસૂલાતની દર્શન નાયકની મુખ્યમંત્રી ,ચીફ સેક્રેટરી પાસે માંગ

સુરતઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી અને ઉધોગ મંત્રી હર્ષ સંઘવી,રાજ્યના ચીફ સેક્રેટરી અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB) ના ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર પાઠવી હજીરા-દહેજ અને દહેજ-ઘોઘા રો-રો/રોપેક્સ ફેરી પ્રોજેક્ટમાં થયેલા કરોડો રૂપિયાના ખર્ચ અને તેની નિષ્ફળતા અંગે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

### 117 કરોડનું ડ્રેજિંગ પણ નિષ્ફળ ગયું

દહેજ ટર્મિનલ ખાતે ફેરી સંચાલન માટે ઓછામાં ઓછી પાંચ મીટરની ઊંડાઈ જરૂરી હતી. પરંતુ સતત સિલ્ટિંગના કારણે ઊંડાઈ જળવાઈ રહી નહોતી. આ સમસ્યાના નિવારણ માટે કેન્દ્ર સરકાર દ્વારા આશરે રૂ. 117 કરોડના ખર્ચે વારંવાર ડ્રેજિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમ છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નહીં અને અંતે વર્ષ 2019 બાદ દહેજ રૂટ પર ફેરી સેવા લગભગ બંધ થઈ ગઈ.

### હજીરા - ઘોઘા- રૂટ વધુ ફાયદાકારક હોવાનો રિપોર્ટ છતાં દહેજમાં કરોડો વેડફ્યા

દર્શન નાયકે જણાવ્યું હતું કે, લંડનની સલાહકાર સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસ રિપોર્ટમાં ઘોઘા-સુરત રૂટ રાજ્યનો સૌથી વધુ આવક આપનાર રૂટ બની શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. રિપોર્ટ મુજબ ઘોઘા-સુરત રૂટ પરથી અઠવાડિયે અંદાજે રૂ. 6.67 લાખની આવક જ્યારે ઘોઘા-દહેજ રૂટ પરથી માત્ર રૂ. 1.28 લાખની આવક થવાનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો.છતાં દહેજમાં કરોડો વેડફવામાં આવ્યા ,એમાં GMB ના અધિકારીઓએ વ્યાપક ભ્રષ્ટાચાર કર્યો હોવાની શંકા પણ વ્યક્ત કરાઇ રહી છે.


यूनियन बैंक ऑफ इंडिया Union Bank of India
भारत सरकार का उपक्रम A Government of India Undertaking
**એસેટ્સ રિકવરી બ્રાન્ચઃ**
21, વીણા ચેમ્બર્સ, મેઝેનાઇન ફ્લોર, દલાલ સ્ટ્રીટ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ પાસે, ફોર્ટ, મુંબઈ - 400001.

**ઈ-હરાજી વેચાણ નોટિસ (સરફેસી એક્ટ હેઠળ)**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ના નિયમ 8 (6)/નિયમ 9 (1)ની જોગવાઈઓ સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતોના વેચાણ માટેની 15 દિવસની ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી સામાન્ય જનતા અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને નોટિસ આપવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે મુજબની સ્થાવર મિલકત, જેનો કબજો યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", "જે કંઈ પણ છે" અને "કોઈ આશરા વિના"ના આધારે તારીખ 24.06.2026ના રોજ બપોરે 12.00 થી સાંજના 5.00 વાગ્યા દરમિયાન કરવામાં આવશે. આ વેચાણ નીચે દર્શાવેલ સંબંધિત દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ને લેણી નીકળતી સંબંધિત રકમની વસૂલાત માટે કરવામાં આવી રહ્યું છે. અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) નીચે મુજબ રહેશે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ની વેબસાઈટ એટલે કે www.unionbankofindia.bank.in પર આપેલી લિંકનો સંદર્ભ લો. બિડર https://baanknet.com વેબસાઈટની પણ મુલાકાત લઈ શકે છે. નીચે દર્શાવેલી મિલકતો સંબંધિત દેવાદારોના ખાતામાં લેણી રકમ વત્તા વ્યાજ અને અન્ય ખર્ચની વસૂલાત માટે તારીખ 24.06.2026ના રોજ https://baanknet.com વેબસાઈટ દ્વારા ઓનલાઈન ઈ-હરાજીથી વેચવામાં આવશે.

**https://baanknet.com વેબસાઈટ દ્વારા ઓનલાઈન ઈ-હરાજી**
**હરાજીની તારીખ અને સમયઃ 24.06.2026 ના રોજ બપોરે 12.00 વાગ્યાથી સાંજના 05.00 વાગ્યા સુધી.**

| લોટ નં. | a) દેવાદારનું નામ<br>b) શાખાનું નામ<br>c) મિલકતનું વર્ણન<br>d) માલિક/માલિકોનું નામ | a) અનામત કિંમત (રૂપિયામાં)<br>b) અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)<br>c) બિડ વધારાની રકમ | લેણું દેવું, સંપર્ક વ્યક્તિ અને મોબાઈલ નં. | બોજો / કબજોઃ સાંકેતિક / પ્રત્યક્ષ | મુકદ્દમો |
|---|---|---|---|---|---|
| 1 | a) મેસર્સ ગોદાવરી ઈમ્પેક્સ<br>b) એસેટ રિકવરી બ્રાન્ચ<br>c) લોટ 1: 1) ઉમરગામ પાવર હાઉસની સામે હરિ રેસિડેન્સી A વિંગ તરીકે ઓળખાતી ઈમારતના પ્રથમ માળે આવેલી દુકાન નં. 113, ક્ષેત્રફળ 249 ચો.ફૂટ. બિન-ખેતી (N.A) જમીન સર્વે નં. 278/પૈકી 1, કુલ ક્ષેત્રફળ 9105 ચો.મીટર પર બનેલ, જે પ્રોમલ્ગેશન પછી વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઉમરગામ ગામના નવા સર્વે નં. 3105 માં પરિવર્તિત થયેલ છે. લોટ 2: 2) ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સોલસુંબિયા ગામની જમીનમાં 10 ચો.મીટર અવિભાજિત હિસ્સા સાથે, સર્વે નં. 166/પૈકી અને પ્રોમલ્ગેશન પછી નવા ગામ એસી 1442માં નવા સર્વે નં. 1674, ક્ષેત્રફળ 810 ચો.મીટર પર બનેલ રઘુવીર કૃપા તરીકે ઓળખાતી ઇમારતના બીજા માળે આવેલ રહેણાંક ફ્લેટ નં. 207, સુપર બિલ્ટ અપ એરિયા 1050 ચો.ફૂટ (97.58 ચો.મીટર) ની તમામ સામગ્રી અને હિસ્સો.<br>d) શ્રી શંકર રજકાંત ઝા | Lot 1:<br>a) Rs. 11,43,000.00/-<br>b) Rs. 1,14,300.00/-<br>c) Rs. 11,500/-<br>Lot2:<br>a) Rs. 14,47,000/-<br>b) Rs. 1,44,700/-<br>c) Rs. 14,500/- | રૂ. 74,73,611.62 (રૂપિયા ચુંમોતેર લાખ તોતેર હજાર છસો અગિયાર અને બાસઠ પૈસા માત્ર) તારીખ 31.12.2025ના રોજ, વત્તા તારીખ 01.01.2026થી લાગુ પડતા વ્યાજના દરે આગળનું વ્યાજ, આજ સુધીનો ખર્ચ અને ચાર્જિસ.<br>શ્રી રાજેશ કુમારઃ 8088980811<br>શ્રી મુકેશ કુમારઃ 9770551993 | અધિકૃત અધિકારીને ખબર નથી સાંકેતિક કબજો | સિક્યોર્ડ ક્રેડિટરને કોઈ જાણકારી નથી |
| 2 | a) મેસર્સ દીર્ઘ ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડ<br>b) એસેટ રિકવરી બ્રાન્ચ<br>c) મોજેઃ ઉત્રાણ; શહેરઃ સુરત; તાલુકોઃ સિટી; જિલ્લોઃ સુરતની ફાઈનલ પ્લોટ નં. 24; ટી.પી. સ્કીમ નં. 27 (ઉત્રાણ-ઉત્રાણ); બ્લોક નં. 120; રેવન્યુ સર્વે નં. 194/2/3A વાળી જમીન પર બનેલ 'માર્વેલ લક્ઝુરિયા', અર્થ રેસિડેન્સીની બાજુમાં, શાલિગ્રામ સ્ટેટસની સામે, બિલ્ડિંગ નં. 'B' ના પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 101, જેનું બિલ્ટ અપ ક્ષેત્રફળ 141.47 ચો.મીટર છે, તેની નીચેની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે.<br>d) શ્રી અલ્પેશ કેશવભાઈ બાંભરોલીયા | a) ₹ 1,10,00,000.00<br>b) ₹ 11,00,000.00<br>c) ₹ 1,00,000.00 | રૂ. 26,70,88,811.53 (રૂપિયા છવ્વીસ કરોડ સિત્તેર લાખ અઠ્યાસી હજાર આઠસો અગિયાર અને ત્રેપન પૈસા માત્ર) તારીખ 31.12.2025ના રોજ, વત્તા તારીખ 01.01.2026થી લાગુ પડતા વ્યાજના દરે આગળનું વ્યાજ, આજ સુધીનો ખર્ચ અને કાનૂની તથા અન્ય ખર્ચ સિવાય.<br>શ્રી કિશોર ચંદ્ર કુમારઃ 7992466930 | AO (અધિકૃત અધિકારી) ને ખબર નથી. સાંકેતિક કબજો. CJMનો કબજો મેળવવાનો ઓર્ડર અમલ થવાનો બાકી છે. | સિક્યોરિટાઈઝેશન એપ્લિકેશન નં. 141/2025 DRT-2 મુંબઈ સમક્ષ પેન્ડિંગ છે. |
| 3 | a) મેસર્સ દીર્ઘ ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડ<br>b) એસેટ રિકવરી બ્રાન્ચ<br>c) મોજેઃ ઉત્રાણ; શહેરઃ સુરત; તાલુકોઃ સિટી; જિલ્લોઃ સુરતની ફાઈનલ પ્લોટ નં. 24; ટી.પી. સ્કીમ નં. 27 (ઉત્રાણ-ઉત્રાણ); બ્લોક નં. 120; રેવન્યુ સર્વે નં. 194/2/3A વાળી જમીન પર બનેલ 'માર્વેલ લક્ઝુરિયા', અર્થ રેસિડેન્સીની બાજુમાં, શાલિગ્રામ સ્ટેટસની સામે, બિલ્ડિંગ નં. 'B' ના પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 103, જેનું બિલ્ટ અપ ક્ષેત્રફળ 141.27 ચો.મીટર છે, તેની નીચેની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથે.<br>d) શ્રી લક્ષ્મીદાસ બાલુભાઈ વેકરીયા | a) ₹ 1,10,00,000.00<br>b) ₹ 11,00,000.00<br>c) ₹ 1,00,000.00 | | | |
| 4 | a) મેસર્સ દીર્ઘ ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડ<br>b) એસેટ રિકવરી બ્રાન્ચ<br>c) મોજે; ગામ; વલણ (Valan); તાલુકો; કામરેજ; જિલ્લો; સુરતના ખાતા નં. 566; જૂનો બ્લોક નં. 7; રેવન્યુ સર્વે નં. 6 ની ફાર્મ હાઉસની જમીન ધરાવતો તમામ ભાગ અને હિસ્સોઃ (1) રી-સર્વે બ્લોક નં. 195 જેનું ક્ષેત્રફળ હેક્ટર 0-01-30 ચો.મીટર અને (2) રી-સર્વે બ્લોક નં. 195 જેનું ક્ષેત્રફળ હેક્ટર 0-21-38 ચો.મીટર.<br>d) શ્રી નવનીતભાઈ વજુભાઈ સુહાગીયા | a) ₹ 2,25,00,000.00<br>b) ₹ 22,50,000.00<br>c) ₹ 1,00,000.00 | | | |

બિડર્સને વિનંતી છે કે તેઓ ઈ-હરાજીમાં ભાગ લેવા માટે પોતાની બિડ સબમિટ કરતા પહેલાં ઈ-હરાજીની વિગતવાર શરતો અને નિયમો તથા અન્ય વિગતો માટે બેંકની વેબસાઈટ www.unionbankofindia.bank.inની મુલાકાત લે. બિડર https://baanknet.com પોર્ટલ વેબસાઈટની પણ મુલાકાત લઈ શકે છે.
ઓનલાઈન હરાજીમાં ભાગ લેવા માટે ઈચ્છુક બિડર્સ પાસે માન્ય ઈ-મેલ આઈડી (e-mail ID) હોવું આવશ્યક છે. વેચાણની શરતો અને નિયમો સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ની જોગવાઈઓ મુજબ જ રહેશે.

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6)/નિયમ 9(1) હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ

આ નોટિસને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)/નિયમ 9(1) હેઠળ સંબંધિત લોનના દેવાદારો અને જામીનદારો માટે ઉપરોક્ત દર્શાવેલ તારીખે ઈ-હરાજી વેચાણના આયોજન અંગેની નોટિસ પણ ગણવામાં આવે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને આપેલ લિંક એટલે કે www.unionbankofindia.bank.in અથવા https://baanknet.comનો સંદર્ભ લો.

તારીખઃ 09.06.2026
સ્થળઃ મુંબઈ

સહી/-
અધિકૃત અધિકારી,
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા


**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે શાસનાધિકારીએ પત્ર લખી દેવાયો પણ**

# મનપાની ખાસ કમિટીઓની રચના લંબાશે

**મોવડીમંડળ** ખાસ સમિતિની વરણીમાં પણ અસમંજસમાં હોય તેવી સ્થિતિ

સુરતઃ મહાનગરપાલિકાની નવી બોર્ડની રચના બાદ હવે વિવિધ ખાસ કમિટીઓના અધ્યક્ષો અને સભ્યોની નિમણૂક માટે શહેર ભાજપ રાહ જોવાની સ્થિતિમાં છે. પ્રદેશ ભાજપ તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ માર્ગદર્શન કે સંકેત આપવામાં ન આવતાં ખાસ કમિટીઓની રચના આગામી સામાન્ય સભા સુધી લંબાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી બાજુ શિક્ષણ સમિતિની વરણી માટે શાસનાધિકારી દ્વારા મનપાને પત્ર પાઠવી દેવાયો છે.

મનપાના પદાધિકારીઓની વરણી બાદ હવે ખાસ કમિટીઓના અધ્યક્ષોની પસંદગી મુદ્દે પણ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. સૂત્રોના જણાવ્યા મુજબ વિવિધ કમિટીઓના અધ્યક્ષોની પસંદગીનો અંતિમ નિર્ણય પ્રદેશ સંગઠન સ્તરે લેવામાં આવશે અને તેમાં સ્થાનિક ધારાસભ્યોની ભલામણોને મહત્ત્વ આપવામાં આવશે. સોમવારે રાજ્યની તમામ 15 મહાનગરપાલિકાના નવા મેયર અને પદાધિકારીઓને ગાંધીનગર ખાતે બોલાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીના નિવાસસ્થાને મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ, સંગઠન મહામંત્રી રત્નાકર તેમજ સંગઠનના શહેર પ્રભારી ડો.કોરાટ સહિતના નેતાઓ સાથે ઔપચારિક બેઠક યોજાઈ હતી. જો કે, આ બેઠક દરમિયાન સુરત સહિત કોઈપણ મહાનગરપાલિકાની ખાસ કમિટીઓની રચના અંગે કોઈ સત્તાવાર સંકેત આપવામાં આવ્યા ન હોવાનું જાણવા મળ્યું છે. ભાજપ સંગઠનનાં સૂત્રો મુજબ આગામી દિવસોમાં પ્રદેશ હાઈકમાન્ડ ફરી બેઠક યોજી વિવિધ મહાનગરપાલિકાઓમાં ખાસ કમિટીઓની રચના અને અધ્યક્ષોની પસંદગી અંગે માર્ગદર્શન આપી શકે છે. ત્યાં સુધી સુરત મનપામાં કમિટીઓની રચનાનો મુદ્દો સ્થગિત રહે તેવી શક્યતા છે.

બીજી તરફ નવી બોર્ડના ગઠન બાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યોની પુનઃ રચના માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શાસનાધિકારીએ નવા સભ્યોની નિમણૂક અને ચૂંટણી પ્રક્રિયા માટે મનપા કમિશનરને પત્ર પાઠવ્યો છે. કમિશનર કચેરી દ્વારા આ પત્ર સેક્રેટરી શાખાને મોકલી આપવામાં આવ્યો છે. હવે આગામી દિવસોમાં શિક્ષણ સમિતિના સભ્યોની નિમણૂક અને ચૂંટણી કાર્યક્રમ માટે તારીખ નક્કી કરવાની ફાઈલ રજૂ કરવામાં આવશે. બાદ સત્તાવાર કાર્યક્રમ જાહેર કરીને નવી શિક્ષણ સમિતિની રચનાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. ખાસ કમિટીઓની રચના અંગે હજુ અનિશ્ચિતતા યથાવત હોવાથી આગામી સામાન્ય સભા સુધી આ મુદ્દો લટકેલો રહેશે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

નોકરી વિષયક

**પટાવાળા જોઈએ છે**
સી.એ. ઓફિસ માટે એસએસસી પાસ/ નાપાસ પટાવાળા જોઈએ છે. મળો જશવંત પટેલ એલ-૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા- સુરત (141)

**જોઈએ છે**
યાર્ન ફેક્ટરીમાં પેકિંગ કામકાજ માટે માણસ ઉધના- મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૨૪૦૪૦૦૮૮

**બેન્કના વ્હીકલ**
લોનના કામકાજ માટે છોકરા/ છોકરી જોઈએ છે લાયકાત- ૧૦ પાસ સેલરી + ઈન્સેન્ટિવ સંપર્કઃ- ૮૩૧૯૨૨૬૪૪૩ (147)

**ભાગળ હોઝીયરીની**
જથ્થાબંધ દુકાનના કામકાજ માટે સ્ટાફ જોઈએ છે, 9825451232

**Required Staff**
for English Medium School All subjects Teachers (Science/ Commerce) Supervisor and Vice Principal Contact M: 9725040581 /9998210581 (146)

મિલ્કત વેચવાની છે

**253 વારનો**
ઓપન પ્લોટ વેચવાનો છે.સંજય સોસાયટી,સોમનાથ મહાદેવ મંદિર પાસે,સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લેપોઈન્ટ, સૂરત. 9898372704.

**વેચાણથી**
ચોકબજારમાં ઓફિસ, ગોપીપુરામા દુકાન, નાનપુરામાં ફ્લેટ, પરસોલીમાં પ્લોટ. મોબાઈલ. 9825821151

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
18- જુનમાં (એસી સ્લીપિંગમાં) ગોવામાં ત્રણ નાઈટ, શનિ, રવિ દમણ સાપુતારામાં નાઈટ,

**બાબા અમરનાથ,**
વૈષ્ણવદેવી, હરિદ્વાર, ગોકુળ, મથુરા, રણુજા અમૃતસર, ખાટુશ્યામ વગેરે દિવસ ૧૫. તા. ૧૪ જુલાઈ. જયેશભટ્ટ 9909888622

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*